# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૯ તા.૨૧-૦૨-૨૦૨૫

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય :- સ્વચ્છ સર્વેક્ષણ અપડેટેડ ટુલકીટ ૨૦૨૪ અંતર્ગત તમામ મ્યુનિસિપલ શાળાઓએ કરવાની થતી કામગીરી બાબત.

આથી તમામ મ્યુનિ.શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સ્વચ્છ ભારત મિશનનાં બીજા તબક્કામાં ભારત સરકાર તરફથી સ્વચ્છ સર્વેક્ષણ અપડેટેડ ટુલકીટ ૨૦૨૪ અમલમાં મુકવામાં આવેલ છે. જે અંતર્ગત તમામ મ્યુનિસિપલ શાળાઓનું ક્ષેત્ર ક્રમાંક ૧.૧૨, ૩.૮ અને ૪.૫ મુજબ કુલ ૮ માપદંડ (ઇનડીકેટર)નું ૪૦૦ ગુણ માંથી ગુણાંકન થવાનું છે. આ માટેની ચકાસણી અને ગુણાંકન પદ્ધતિ નીચે મુજબ છે.

A <u>ચકાસણી પદ્ધતિ:</u>

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશના અધિકારક્ષેત્રમાં આવતી શાળા (જાહેર/ ખાનગી/ સરકારી/મ્યુનિસિપલ શાળાઓ) ની મુલાકાત લઈને આ સૂચક માટેની ચકાસણી હાથ ધરવામાં આવશે. જે તે શાળાઓમાં ફોટોગ્રાફ્સ અને વિડિઓઝ લેવામાં આવશે.

B <u>ગુણાંકન પદ્ધતિ:</u>

$$\text{મેળવેલ ગુણ} = \frac{\text{(કુલ પ્રત્યક્ષ અવલોકન નમૂનાઓ)}}{\text{કુલ નમૂનાઓ}} * \text{સૂચક માટે મહત્તમ ગુણ}$$

ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા ટુલકીટ મુજબના પત્રકમાં શાળાઓ માટે કુલ 3 ક્ષેત્રમાં ૮ માપદંડ મુજબ પ્રત્યેક શાળાને ૪૦૦ ગુણ મેળવવાના થાય છે. આ તમામ ક્ષેત્રો અને માપદંડ અનુસાર ૧૦૦% ગુણ મેળવવા માટે નિયમીત રીતે શાળામાં સ્વચ્છતા સમિતિ કાર્યરત કરીને તમામ માપદંડને ચુસ્ત રીતે અનુસરવા માટે જણાવવામાં આવે છે.

બિડાણ : ગુણપત્રક

તા.૨૧-૦૨-૨૦૨૫

ડૉ. એલ. ડી. દેસાઈ<br>શાસનાધિકારી

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

**સ્વચ્છ સર્વેક્ષણ અપડેટેડ ટુલકીટ 2024**

ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા ટુલકીટ મુજબ પત્રક

ચકાસણીકર્તા અધિકારીશ્રીનું નામ :-___________________ હોદ્દો:-_______ તારીખ :- ____________

શાળાનું નામ :-_______________________________ ઝોનનું નામ:-___________

| ક્ષેત્ર નંબર | માપદંડ | ગુણ | ચકાસ્યા તારીખ | તમોએ આપેલ ગુણ |
|---|---|---|---|---|
| **1.12** | **શાળાઓમાં સ્વચ્છતા** | | | |
| 1.12.1 | શું શાળા પરિસર કચરાથી મુક્ત અને દેખીતી રીતે સ્વચ્છ છે ? | 100 | | |
| **3.8** | **શાળાઓમાં કચરાનું વ્યવસ્થાપન** | | | |
| 3.8.1 | શું નગરપાલિકા દ્વારા અંતિમ સંગ્રહ પહેલા શાળા ભીનો કચરો (બાયો-ડિગ્રેડેબલ વેસ્ટ) અને સૂકો કચરો (નોન-બાયોડિગ્રેડેબલ વેસ્ટ) અલગ કરે છે ? | 40 | | |
| 3.8.2 | શું શાળા દરેક વર્ગખંડમાં, રસોડાના વિસ્તારમાં અને અન્ય યોગ્ય સ્થળોએ સૂકો કચરો અને ભીનો કચરો અલગ-અલગ એકત્ર કરવા માટેની અલગ-અલગ કચરા ટોપલીઓ આપે છે ? | 35 | | |
| 3.8.3 | શું શાળામાં શૌચાલયોમાં માસિક ધર્મના કચરાના નિકાલ માટે ઢાંકણ અને ચોક્કસ રંગો સાથે અલગ ડસ્ટબીન છે ? | 35 | | |
| 3.8.4 | શું શાળા પોતાનો બાયોડિગ્રેડેબલ કચરો (ભીનો કચરો) ખાતર બનાવે છે ? | 40 | | |
| **4.5** | **શાળાઓ** | | | |
| 4.5.1 | શું શાળામાં છોકરાઓ અને છોકરીઓ માટે અલગ-અલગ કાર્યરત શૌચાલય છે ? | 50 | | |
| 4.5.2 | શું શાળાના તમામ શૌચાલયોમાં કુદરતી પ્રકાશ અને હવા માટે છત અને યોગ્ય વેન્ટિલેશન છે અને સ્ટોપર/કડી સાથે સુરક્ષિત દરવાજા છે ? | 50 | | |
| 4.5.3 | શું શાળા શૌચાલયના કચરા/મળના કાદવના નિકાલ માટે સલામત પદ્ધતિને અનુસરે છે ? | 50 | | |
| | કુલ ગુણ | 400 | | |